રીવોલ્વીંગ ફંડ...........

# ગુજરાત કૃષિ વિશ્વવિદ્યાલય
સરદાર કૃષિનગર,
જિલ્લો : બનાસકાંઠા.
-:-:-:-:-:-:-:-:-:-:-

## -: જાહેરનામુ :-

જા.નં.ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૫૧૦૦-૧૪૫ તારીખ:-૩-૭-૧૯૯૦.

આથી સબંધકર્તા સર્વની જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત કૃષિ વિશ્વવિદ્યાલયની નાણાંકીય સમિતિની ૧૦૬મી બેઠકના મુદ્દા નં.૧૦૬:૮થી ભલામણ થયા મુજબ નિયામક મંડળની ૧૦૨મી બેઠકના મુદ્દા નં.૧૦૨:૬ થી ઠરાવવામાં આવે છે કે, રીવોલ્વીંગ ફંડ અને નિયમો તેની પાશ્ચાત્ ભૂમિકાને ધ્યાને લઈને નીચે મુજબ મંજુર કરવા.

ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓમાં કેટલીક પ્રવૃત્તિઓ પ્રયોગાત્મક રીતે ચાલતી હોય છે. આ પ્રવૃત્તિઓમાં ફાળવવામાં આવેલ કન્ટીજન્સી ગ્રાન્ટમાંથી પ્રવૃત્તિને લગતો માલસામાન ખરીદીને તૈયાર માલનું ટૂંકમાં વેચાણ થતું હોય છે, પરિણામે તે પ્રવૃત્તિની આવક જમા થાય છે. આ આવકને પુન: ગ્રાન્ટ તરીકે માંગવામાં આવે તો અનેથી ફાળવવામાં આવે છે, પરંતુ કેટલાક કચેરીઓના વડાઓની રીવોલ્વીંગ ફંડ તરીકે આવી રકમ કાયમી ધોરણે ફાળવવા માટે માંગણી કરવામાં આવે છે.

ઉપરોકત વિગતના સંદર્ભમાં નીચેની શરતોને મુલ્યાંગે રીવોલ્વીંગ ફંડ મંજુર કરીએ.

(૧) રીવોલ્વીંગ ફંડમાંથી થતો ખર્ચ અને આવકનો હિસાબ અલાયદો રાખવાનો રહેશે.

(૨) રીવોલ્વીંગ ફંડ જે હેતુ માટે મંજુર કરવામાં આવ્યુ છે તે હેતુ સિવાય અન્ય હેતુ માટે વાપરી શકાશે નહિ.

(૩) રીવોલ્વીંગ ફંડની આવક રીવોલ્વીંગ ફંડમાં ઉમેરીને ગ્રાન્ટ તરીકે દર્શાવી વાપરવા એ ખાસ કિસ્સા તરીકે છૂટ આપવામાં આવશે.

(૪) દર ત્રણ માસે વપરાયેલ ખર્ચ અને આવકના હિસાબો એડજેસ્ટ કરી હિસાબી અધિકારી પાસેથી મેળવણું કર્યા અંગેનું પ્રમાણપત્ર મોકલી આપવાનું રહેશે.

(૫) દર વર્ષે વર્ગીકરણ રજીસ્ટર ઉપરથી વાર્ષિક હિસાબો સંબંધિત પ્રવૃત્તિ એ દર્શાવેલ નમુના મુજબ તૈયાર કરવાના રહેશે, (નમુનો ફાર્મ નર્સરીને લગતો છે) અને એ હિસાબોની ચકાસણી ઝોનના **હિસાબી અધિકારી** પાસે કરાવી

...પાછળ..

બીજા વર્ષે આ કાર્યવાહી શરુ કરતાં પહેલાં અત્રેની મંજુરી મેળવવાની રહેશે, અને જુદા જુદા બજેટ હેઠળ જુદા જુદા હિસાબો રાખવાના રહેશે.

(૬) રીવોલ્વીંગ ફંડમાંથી થયેલ આવકને અત્રેની કચેરીની મંજુરી સિવાય નોન રીકરીંગ આઈટમ કે બાંધકામમાં વાપરી શકાશે નહિ.

(૭) રીવોલ્વીંગ ફંડની રકમ હિસાબ નિયામકશ્રી પાસે મંજુર કરાવી કાયમી ધોરણે રીવોલ્વીંગ ફંડ ખાતે લઈ જવા અંગેની કાર્યવાહી જે તે સ્કીમના વડાએ કરવાની રહે છે.

સહી/-
હિસાબ નિયામક.

નકલ સવિનય રવાના :-

(૧) યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ (ગાય નકલમાં).

(૨) કેન્દ્ર નિયામકશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર/આણંદ/ નવસારી/જુનાગઢ.

(૩) વિદ્યાશાખાધ્યક્ષશ્રીઓ/સહ વિદ્યાશાખાધ્યક્ષશ્રીઓ.

(૪) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

(૫) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, ગુજરાત કૃષિ યુનિ., અમદાવાદ/ જુનાગઢ/નવસારી/આણંદ/સરદાર કૃષિનગર .

(૬) કુલપતિશ્રીના અંગત સચિવ-વ-મદદનીશ કુલસચિવશ્રી, ગુજરાત કૃષિ યુનિ., સરદાર કૃષિનગર.

જા.નં.ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/ ૨૨૨૭૦-૮૪/

હિસાબ નિયામકશ્રીની કચેરી,
ગુજરાત કૃષિ યુનિવર્સિટી,
સરદાર કૃષિનગર-૩૮૫ ૫૦૬
જીલ્લો: બનાસકાંઠા.
તારીખ : ૧૫-૧૨-'૯૪.

પ્રતિ,
શ્રી સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ,
ગુજરાત કૃષિ યુનિવર્સિટી,
શાહીબાગ, ડફનાળા પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

---

વિષય:- <u>ખેત ઉત્પાદન વધારવા માટે રીવોલ્વીંગ ફંડ બાબત.</u>

અનુ.: આ કચેરીના પત્રાંક :-

(૧) ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/ ૧૧૨૦૭/ તા. ૧૦-૬-'૯૪

(૨) ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૭૩૮૯ તા. ૨૭-૯-'૯૪

ઉપરોકત પત્રોના સંદર્ભમાં જણાવવાનું કે, નાણાં સમિતિની ૧૨૧મી બેઠકના ઠરાવ ક્રમાંક: ૧૨૧:૯ (૨) થી ભલામણ થયા મુજબ ફાઉન્ડેશન ફંડની મુડીના વ્યાજમાંથી દરેક કેન્દ્ર નિયામકશ્રીને રૂપિયા પચાસ લાખ આ કચેરીના હુકમ નં. ગુકૃયુ/કોમ્પ્ટ/બ ૯૫૧૦/ટે-૩ ૨૨૧૫૩-૬૮ તારીખ ૧૪-૧૨-'૯૪ થી ફાળવી આપવામાં આવ્યા છે.

રૂપિયા પચાસ લાખ રીવોલ્વીંગ ફંડ તરીકે ફાળવવામાં આવ્યા છે, એટલે આ સંબંધમાં જે તે ઝોનના કેન્દ્ર નિયામકશ્રીઓ તથા સહ સંશોધન નિયામકો સાથે સંપર્કમાં રહીને તેમના ઝોનના સંશોધન કેન્દ્રોને આબોહવા અનુસાર પાકતા પાકો અથવા તો તાંત્રિક રીતે યોગ્ય લાગે તેવા પાકો અને ફળ ઝાડના રોપાઓ તથા તેના ઉત્પાદનના લક્ષ્યાંકો નક્કી કરીને તે મુજબ નિર્ધારીત કોસ્ટ ઓફ કલ્ટીવેશન મુજબ કન્ટીજન્સી ખર્ચ જેટલું રીવોલ્વીંગ ફંડ ફાળવવા તથા આ રીવોલ્વીંગ ફંડ જાહેરનામા ક્રમાંક: ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/ ૧૫૧૦૦-૧૪૫ તારીખ ૩-૭-'૯૦ થી નિયત થયેલ નિયમો મુજબ વપરાય તે જોવા વિનંતી

વધુમાં આપનું ધ્યાન કૃષિ સંશોધન ફાર્મો માટે રીવોલ્વીંગ ફંડ ઉભું કરવા બાબ આ કચેરીના જાહેરનામા ક્રમાંક: ગુકૃયુ/કોમ્પ્ટ/ કંટ્રોલ/૧૬૭૩૦-૭૫ તારીખ ૧૫-૯-'૯૪ તરફ દોરવામાં આવે છે, તો જાહેરનામાની વિગતો ધ્યાને લઈને દરેક ઝોનને રૂપિયા પચ લાખ લેખે નાણાં ફાળવવામાં વધારો થાય તે મુજબ દરેક ફાર્મને ઉત્પાદન લક્ષ્યાંકો નક્કી કરીને તાંત્રિક કાર્યક્રમો નક્કી કરી આપી તેની વિગતે જાણ કરવા વિનંતી છે. આ રીવોલ્વીંગ ફંડ હોઈ આપેલ રકમ યુનિવર્સિટીને સમયાંતરે પરત કરવાની રહેશે.

(સામેલ :- ઉકત બંને જાહેરનામાની નકલ )

સહી/-
હિસાબ નિયામક,

નકલ સવિનય રવાના:-

~~યામકશ્રી~~, ગુકૃયુ, સરદાર કૃષિનગર/ આણંદ / નવસારી / જુનાગઢ.
મકશ્રી, ગુકૃયુ સરદાર કૃષિનગર /આણંદ/ નવસારી/ જુનાગઢ

સારૂ.

Accounts Officer,
Gujarat Agril. University,
Navsari.

જા.નં.ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૧૦૦૨-૪૬
તારીખ:-૧૦ - ૫ - ૧૯૯૫.

હિસાબ નિયામકશ્રીની કચેરી,
ગુજરાત કૃષિ યુનિવર્સિટી,
સરદાર કૃષિનગર-૩૮૫૫૦૬.
જિ. બનાસકાંઠા.

-: પરિપત્ર નં. ૮ /૯૫ :-

વિષય :- રીવોલ્વીંગ ફંડ.

(૧) ગુજરાત કૃષિ વિશ્વવિદ્યાલયની નાણાંકીય સમિતિની ૧૦૬મી બેઠકના મુદ્દા નં.૧૦૬:૮થી ભલામણ થયા મુજબ નિયામક મંડળની ૧૦૨મી બેઠકના મુદ્દા નં.૧૦૨:૬ના ઠરાવથી મંજૂર થયા મુજબ રીવોલ્વીંગ ફંડ અંગેની શરતોનું જાહેરનામું જા.નં. ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૫૧૦૦-૧૪૫, તારીખ:-૩/૭/૧૯૯૦થી બહાર પાડવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

(૨) ઉપર મુજબ રીવોલ્વીંગ ફંડની શરતો નકકી કરેલ પરંતુ રીવોલ્વીંગ ફંડ માટેના ખર્ચના નાણાંની વ્યવસ્થા કરવામાં આવેલ ન હતી. નાણાં સમિતિની ૧૨૧મી બેઠકના મુદ્દા નં.૧૨૧:૯(૨)ની ભલામણને નિયામક મંડળની ૧૧૯મી બેઠકના મુદ્દા નં.૧૧૯:૧૧ થી નીચે મુજબ અનુમોદન મળેલ છે.

" યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રો ઉપર અખતરા લેવા માટે જે જમીનનો ઉપયોગ થાય તે સિવાયની ખેતી માટેની સઘળી જમીનને વાવેતર હેઠળ આવરી લઈને ઘનિષ્ઠ ઝુંબેશ દ્વારા ખેત ઉત્પાદન વધારીને તથા બાગાયત પાકોની કલમો બનાવવા તથા ખેડૂતોને પૂરી પાડવા દરેક કેમ્પસને ફાઉન્ડેશન ફંડના વ્યાજની રકમમાંથી વગર વ્યાજે રુપિયા બે કરોડ જેટલી રકમ ફાળવવા જરુરી કાર્યવાહી કરવી."

(૩) નિયામક મંડળના ઉકત અનુમોદનને અનુરુપ ચારે કેમ્પસના કેન્દ્ર નિયામકશ્રીઓને દરેકને રૂ.૫૦,૦૦,૦૦૦/- બજેટ સદર ૯૫૧૦ હેઠળ દફતરી હુકમ ક્રમાંક:ગુકૃયુ/કોમ્પ્ટ/બજેટ/૯૫૧૦/ટે.૩/૨૨૧૫૩-૬૮, તારીખ:-૧૪/૧૨/૯૪થી ફાળવી આપવામાં આવેલ છે તે મુજબ કેન્દ્ર નિયામકશ્રી, નવસારી, જુનાગઢ અને દાંતીવાડાએ અનુક્રમે તેમના પત્રાંક: કેનિન/સહસંનિ/એઆરએસ/રીવો.ફંડ/૧ થી ૨૬,તારીખ:-૨/૧/૧૯૯૫ , કાર્યાલય આદેશ ક્રમાંક:ગુકૃયુ/હસબ/બજેટ/રીવો.ફંડ/૬૬૯-૭૨૯, તારીખ:-૧૩/૧/૧૯૯૫ અને કાર્યાલય આદેશ ક્રમાંક: ગુકૃયુ/કેનિ/સસનિ/ટે.૨/૧૧૬૨-૯૧, તારીખ:-૮/૩/૧૯૯૫થી તેમના ઝોનના સંશોધન કેન્દ્રોને ફંડ ફાળવી આપેલ છે, જયારે આણંદ ઝોનમાંથી સંશોધન કેન્દ્રોવાર ફાળવણી કરવામાં આવેલ નથી. આણંદ ઝોનના કેન્દ્ર નિયામકશ્રીને વિનંતી કરવાની કે સંશોધન કેન્દ્રવાર રીવોલ્વીંગ ફંડની તુરત ફાળવી કરવી

Director of Campus,
G. A. U. NAVSARI.
Inward No ..... 8548
Date ... 1 JUN 1995

અન્યથા જો રીવોલ્વીંગ ફંડની જરૂરીયાત ન હોય તો તે મુજબ જાણ કરવા વિનંતી છે.

(૪) રીવોલ્વીંગ ફંડના ખર્ચ અને આવકના હિસાબો ઉત્પાદન લક્ષ્યાંકો તાંત્રિક કાર્યક્રમો સબંધમાં નીચે મુજબ આચારસંહિતા નક્કી કરવામાં આવે છે.

(૫) <u>સંશોધન નિયામકશ્રીએ કરવાની કાર્યવાહી :-</u>

૫:૧ સંશોધન કેન્દ્રો ઉપર અખતરા લેવા માટે જે જમીનનો ઉપયોગ થાય છે તે સિવાયની સઘળી જમીનને વાવેતર હેઠળ આવરી લેવા માટે જે તે ઝોનના સહ સંશોધન નિયામકશ્રી/કેન્દ્ર નિયામકશ્રી અને સંશોધન કેન્દ્રના વડા સાથે પરામર્શ કરીને સઘન પ્રયત્નો દ્વારા વધુમાં વધુ જમીન વાવેતર હેઠળ લાવવી.

૫:૨ જે તે વિસ્તારની આબોહવાને અનુકૂળ પાકોનું ફળ ઝાડના વાવેતરનું આયોજન કરવું તથા તાંત્રિક દૃષ્ટિએ અનુકૂળતા મુજબ વધુમાં વધુ ઉત્પાદન મળે અને વધુમાં વધુ આવક ઊભી થાય તેનું સહ સંશોધન નિયામકશ્રી/ કેન્દ્ર નિયામકશ્રી સાથે પરામર્શ કરીને આયોજન કરવું.

૫:૩ નિયામક મંડળની ૨૪મી વિશેષ બેઠકના મુદ્દા નં.૨૪:૯થી થયેલ ઠરાવને આધારે બહાર પાડેલ જાહેરનામા ક્રમાંક: ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૬૭૩૦-૭૫, તારીખ:-૧૫/૯/૯૪ની વિગતો ધ્યાને લઈને જે સંશોધન કેન્દ્રો ઉપર અનુકૂળતા હોય ત્યાં તે મુજબના રોપાઓ/કલમો તૈયાર કરવાનું અને તેની બહોળી માંગ ઊભી કરવાનું અને વેચાણનું આયોજન કરવાનું રહેશે.

૫:૪ રીવોલ્વીંગ ફંડના ખર્ચના અને આવકના અંદાજો સામેલ રાખેલ પત્રકમાં અથવા યોગ્ય લાગે તેવા પત્રકમાં જે તે સંશોધન કેન્દ્રના વડા/ઉપાડ અને ચૂકવણા અધિકારી પાસેથી મેળવવાના રહેશે જેની એક નકલ સહ સંશોધન નિયામક, ઝોન અને હિસાબ નિયામકશ્રીને પણ આપવાની રહેશે.

૫:૫ રીવોલ્વીંગ ફંડનો હેતુ સિધ્ધ કરવા અસરકારક ઉત્પાદન કાર્યક્રમ જે તે સંશોધન કેન્દ્રના વડા બનાવીને કેન્દ્ર નિયામકશ્રીની ભલામણ સાથે સંશોધન નિયામકશ્રીને મોકલી આપશે. સંશોધન નિયામકશ્રી તેમને મળેલ દરખાસ્તોની સંપૂર્ણ ચકાસણી કરી ઉત્પાદન દરખાસ્તો માટે હિસાબ નિયામકશ્રીને નાણાં છૂટા કરવા ભલામણ કરશે.

૫:૬ સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના પત્રાંક:ગકવ-૧૦૯૩-૨૫૭૧-ક-૨, તારીખ:-૧૫/૩/૯૫થી જણાવ્યા મુજબ ફાઉન્ડેશન ફંડમાંથી રીવોલ્વીંગ ફંડ તરીકે વપરાશ કરેલ નાણાંમાંથી કૃષિ

...૩/-

યુનિવર્સિટીના ફાર્મસ ઉત્પાદિત આવકનો છમાસિક અહેવાલ સરકારશ્રીને રજૂ કરવાનો રહેશે અને યુનિવર્સિટીના વાર્ષિક વહીવટી અહેવાલમાં સંશોધનને લગતા વિભાગમાં દર વર્ષે વાર્ષિક અહેવાલ આપવાનો રહેશે.

૫:૭ આગામી ચોમાસુ સીઝનમાં સમયસર વાવેતર થઈ શકે અને સીઝન ગુમાવવી પડે નહિ તેટલા માટે સહ સંશોધન નિયામકશ્રી (ઝોન) વહીવટી પ્રોસીઝર પછી કરી શકશે. પરંતુ આગામી ચોમાસુ સીઝનમાં વાવેતર માટે જરૂરી કાર્યવાહી સંશોધન નિયામકશ્રીના સંપર્કમાં રહીને કરવાની રહેશે.

(૬) સંશોધન કેન્દ્રના વડા/ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓએ કરવાની કાર્યવાહી :-

૬:૧ રીવોલ્વીંગ ફંડ માટે ફાળવેલ બજેટ સદરે નાણાંનો ઉપાડ કરવાનો રહેશે અને પ્રવર્તમાન નિયમો મુજબ ખર્ચ કરવાનો રહેશે.

૬:૨ અન્ય યોજનાઓના આવક-જાવકના અને સ્ટોકના હિસાબો રાખવામાં આવે છે તેજ પ્રમાણે રીવોલ્વીંગ ફંડમાંથી થતા આવક-જાવકના અને સ્ટોકના હિસાબો રાખવાના રહેશે.

૬:૩ સંશોધન નિયામકશ્રી નક્કી કરે તે અથવા આ સાથે સામેલ રાખેલ પત્રકમાં તાંત્રિક કાર્યક્રમના આધારે રીવોલ્વીંગ ફંડના ખર્ચ અને આવકના અંદાજો તથા ઉત્પાદન લક્ષ્યાંકો જણાવવાના રહેશે. પત્રકની એક નકલ ઝોનના સહ સંશોધન નિયામકશ્રીને, સંશોધન નિયામકશ્રી અને હિસાબ નિયામકશ્રીને આપવાની રહેશે.

૬:૪ વાવેતર કર્યા પછી ઉભા પાકનું સર્વે કરીને નિયત કરેલ/જણાવેલ ઉત્પાદન લક્ષ્યાંકો કરતાં ઉત્પાદન વધુ કે ઓછું થશે તે જણાવવાનું રહેશે અને લક્ષ્યાંક કરતાં ઓછા ઉત્પાદનના કારણો આપવાના રહેશે. કારણોની સમીક્ષા સંશોધન નિયામકશ્રી જરુર જણાયે સહ સંશોધન નિયામકશ્રી સાથે પરામર્શ કરીને કરશે.

૬:૫ સંશોધન કેન્દ્રના વડા/ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓએ ખાસ ધ્યાન આપવાનું છે કે તેમના કેન્દ્રની બધી યોજનાઓની છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ આવક કરતાં રીવોલ્વીંગ ફંડનો જે વર્ષમાં ખર્ચ પડવો શરૂ થાય તે વર્ષની આવક ~~ફંડની~~ ઓછી થવી જોઈએ નહિ, એટલે કે બધી યોજનાઓની આવક સરેરાશ આવક જેટલી તો થવીજ જોઈએ. તે ઉપરાંત રીવોલ્વીંગ ફંડની આવક થવી જોઈએ, તેમછતાં કોઈ તાંત્રિક કારણોસર આમ ન થાય તો તેનો રીપોર્ટ કરવાનો રહેશે અને તેની સમીક્ષા સંશોધન નિયામકશ્રી, સહ સંશોધન નિયામકશ્રી કરશે અને કોઈ વ્યક્તિગત

ક્ષતિને કારણે આવું બનશે તો તે મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે

૬:૬ રીવોલ્વીંગ ફંડના ખર્ચ માટે જાહેરનામા ક્રમાંક: ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/ ૧૫૧૦૦-૧૪૫, તારીખ:-૩/૭/૧૯૯૦થી જે શરતો નક્કી કરેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે.

૬:૭ રીવોલ્વીંગ ફંડની મૂળ રકમમાંથી કોઈ ખર્ચ ફાર્મ ડેવલપમેન્ટ અથવા નોન રીકરીંગમાં કરવું નહિ.

૬:૮ રીવોલ્વીંગ ફંડની મૂળ રકમ ઉપરાંત વધારાનો નફો કરે તેના વપરાશ અંગેના નિયમો હવેપછી મોકલી આપવામાં આવશે.

(૭) ઝોનના હિસાબી અધિકારીશ્રીઓએ કરવાની કાર્યવાહી :-

૭:૧ ઝોનના હિસાબી અધિકારીશ્રીઓને રીવોલ્વીંગ ફંડ માટે અલગ બેન્ક એકાઉન્ટ આપવામાં આવશે જેના હુકમો થઈ રહયા છે.

૭:૨ જનરલ ફંડના હિસાબોના આવક-જાવકના હિસાબો નિભાવવામાં આવે છે તેજ રીતે રીવોલ્વીંગ ફંડના બજેટ સદરવાર, સંશોધન કેન્દ્રવાર હિસાબો નિભાવવાના રહેશે અને તેના વાર્ષિક હિસાબો પણ અલગ રજુ કરવાના રહેશે. તેમજ માસિક આવક-જાવકના પત્રકો નિયમિત મોકલવાના રહેશે.

૭:૩ રીવોલ્વીંગ ફંડમાંથી ઉપાડ માટે આવતાં બીલો પ્રવર્તમાન નિયમો મુજબ પાસ કરીને રીવોલ્વીંગ ફંડમાંથીજ ચૂકવણી કરવાનું રહેશે.

૭:૪ રીવોલ્વીંગ ફંડમાંથી રેગ્યુલર કર્મચારીઓના પગાર અને ભથ્થાનો ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

સદરહું પરિપત્ર કુલપતિશ્રીની અનુમતિ મેળવીને બહાર પાડવામાં આવેલ છે.

જી.સી.પટેલ
પીપીપી
હિસાબ નિયામક.

નકલ સવિનય રવાના જાણ તથા ઘટતું થવા સારું :-

૧. કેન્દ્ર નિયામકશ્રી, ગુકૃયુ, આણંદ/જુનાગઢ/નવસારી/સરદાર કૃષિનગર.
૨. સઘળા યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ.
૩. સંશોધન નિયામકશ્રી, ગુકૃયુ, અમદાવાદ
૪. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ગુકૃયુ, સરદાર કૃષિનગર.
૫. યુનિવર્સિટીની સઘળી કોલેજોના આચાર્યશ્રીઓ.

નકલ રવાના જાણ તથા ઘટતું થવા સારું :-

૧. યુનિવર્સિટીના સઘળા સહ સંશોધન નિયામકશ્રીઓ તરફ.
૨. યુનિવર્સિટીના સઘળા હિસાબી અધિકારી/વહીવટી-વ-હિસાબી અધિકારી/ ~~ઓડીટ~~ ઓડીટ ઓફીસરશ્રીઓ.
૩. યુનિવર્સિટીની સઘળી યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ.
૪. આ વિભાગની સઘળી શાખાઓ તરફ.
૫. પરિપત્ર ફાઈલ.

//ગીરીશ/૯૫૯૫//

જા.નં. ગુકૃયુ/કોમ્પ૮/બજેટ/ટ.૩/રીફંડ/૯૫૧૦/૪૩૭૧-૪૪૧૫

તારીખ:-૨૦.૨.૧૯૯૭

હિસાબ નિયામકશ્રીની કચેરી,
ગુજરાત કૃષિ યુનિવર્સિટી,
સરદાર કૃષિનગર-૩૮૫૫૦૬.
જિ.બનાસકાંઠા

## પરિપત્ર નં.૨ /૯૭.

વિષય :- રીવોલ્વીંગ ફંડ / નોનપ્લાન યોજનાઓની આવક..

૧. વિશ્વ વિદ્યાલય હસ્તકના ફાર્મો ઉપર ખેત ઉત્પાદનમાં વધારો કરવા ફાર્મોની સઘળી ફાજલ જમીન વાવેતર હેઠળ લાવીને નફાકારક ખેતી માટેના ખર્ચને પહોંચી વળવા માટે નિયામક મંડળે તેની ૧૧૯મો બેઠકના મુદ્દા નં.૧૧૯:૧૧થી નીચે મુજબ ઠરાવ કરેલ છે.

''યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રો ઉપર અખતરા લેવા માટે જે જમીનનો ઉપયોગ થાય તે સિવાયની ખેતી માટેની સઘળી જમીનને વાવેતર હેઠળ આવરી લઈને ઘનિષ્ઠ ઝુંબેશ દ્વારા ખેત ઉત્પાદન વધારીને તથા બાગાયત પાકોની કલમો બનાવવા તથા ખેડૂતોને પૂરી પાડવા દરેક કેમ્પસને ફાઉન્ડેશન ફંડના વ્યાજની રકમમાંથી વગર વ્યાજે રુપિયા બે કરોડ જેટલી રકમ ફાળવવા જરુરી કાર્યવાહી કરવી.''

૨. નિયામક મંડળના ઉકત ઠરાવને અનુરુપ ચારે કેન્દ્ર નિયામકશ્રીઓ / સહ સંશોધન નિયામકશ્રીઓએ તેમના ઝોનના તેમના તાબાના સંશોધન કેન્દ્રો ઉપર રીવોલ્વીંગ ફંડ તરીકે ચોકકસ બજેટસદર હેઠળ નાણાં પણ ફાળવી આપેલ છે. રીવોલ્વીંગ ફંડ હેઠળ ફાળવેલ નાણાંનો ખર્ચ કઈ રીતે કરવો અને કેવી રીતે ઉત્પાદનમાં વધારો કરવો તે સંબંધિત કામચલાઉ માર્ગદર્શક સિધ્ધાંતો દરેક યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓને પરિપત્ર નં.૮/૯૫, જા.નં.ગુકૃયુ/કોમ્પ૮/કંટ્રોલ/૧૧૦૦૨-૪૬, તા.૧૦.૫.૯૫થી જણાવવામાં આવેલ છે. તેમછતાં માર્ગદર્શક સિધ્ધાંતો ખેત ઉત્પાદન વધારવામાં અવરોધ રુપ હોય તો તે મુજબ જણાવવું જોઈએ કે જેથી પરિસ્થિતિને અનુરુપ તેમાં રાહતો આપી શકાય.

૩. ૧૯૯૫-૯૬ના વર્ષમાં ઝોન કક્ષાએ, ગ્રાન્ટ ફાળવણી, તેમાંથી થયેલ ખર્ચ અને ખર્ચ સામે થયેલ આવકની વિગતો દર્શાવતું સંકલિત પત્રક દરેકની જાણ માટે આ સાથે સામેલ રાખેલ છે.

૪. સંશોધન કેન્દ્રોવાર રીવોલ્વીંગ ફંડના આવક અને ખર્ચના આંકડાઓની ચકાસણી કરતાં કેટલાક સંશોધન કેન્દ્રોએ ખર્ચના પ્રમાણમાં આવકો વધુ બતાવેલ છે. જે ખરેખર તાર્કીક રીતે વિચારીએ તો આટલી આવક શકય નથી. તેમછતાં હકીકતનો સ્વીકાર કરીએ તો સહેજે અનુમાન કરી શકાય કે, રીવોલ્વીંગ ફંડના સારાં પરિણામો બતાવવા માટે નોનપ્લાન યોજનાઓની આવક રીવોલ્વીંગ ફંડમાં જમા

જમા બતાવવામાં આવતી હોય ૧૯૯૫-૯૬ના વર્ષમાં ડીસેમ્બર-૯૫ સુધીની યુનિવર્સિટીની નોનપ્લાન યોજનાઓની કુલ આવક રૂ.૩,૫૫,૧૫,૫૬૭-૧૭ પૈસા થયેલ હતી. જયારે ચાલુ વર્ષે ૧૯૯૬-૯૭માં મોટાભાગના વિસ્તારોમાં પાકને અનુરૂપ વરસાદ હોવાછતાં ડીસેમ્બર-૯૬ સુધીમાં રૂ.૩,૨૬,૯૨,૩૬૨-૭૯ ની આવક થયેલ છે આમ ગઈસાલના આજ સમયગાળા દરમ્યાન થયેલ આવક કરતાં રૂ.૨૮,૨૩,૨૦૪-૩૮ ઓછી આવક થયેલ છે. આ ઓછી થયેલ આવક જેટલી રકમ રીવોલ્વીંગ ફંડમાં જમા બતાવેલ હોય તેમ માનવાને પૂરતાં કારણો છે.

૫. ૧૯૯૫-૯૬ના વર્ષમાં નોનપ્લાન યોજનાઓની કુલ આવક <u>રૂ.૪,૯૫,૬૯,૭૬૧-૬૩ પૈસા થયેલ હતી તેની સામે ૧૯૯૬-૯૭ના ચાલુ વર્ષમાં ડીસેમ્બર-૯૬ સુધીમાં ઉપર જણાવ્યા મુજબ રૂ.૩,૨૬,૯૨,૩૬૨-૭૯ પૈસાની આવક થયેલ છે. એટલે કે, ૧૯૯૫-૯૬ની આવકના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે જાન્યુઆરી-૯૭ થી માર્ચ-૯૭ સુધીમાં લગભગ રૂ.૧,૬૮,૦૮,૦૦૦-૦૦ જેટલી આવક થવી જોઈએ.</u>

ઉપર જણાવેલ હકીકત અને આંકડાઓ ધ્યાને લઈને આથી દરેક યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ અને ફાર્મોના નિયંત્રણ અધિકારીશ્રીને નીચે મુજબ જણાવવામાં આવે છે.

૬. રીવોલ્વીંગ ફંડમાંથી થયેલ વાવેતર ખર્ચથી જે જે પ્લોટોમાં વાવેતર કરેલ હોય તે પ્લોટમાંથી મળેલ ઉત્પાદનમાંથી મળેલ આવક જ રીવોલ્વીંગ ફંડમાં જમા કરાવવી. સારા પરિણામો બતાવવા. અન્ય નોનપ્લાન/પ્લાન યોજનાના ખર્ચથી કરેલ વાવેતરથી મળેલ આવક કોઈપણ સંજોગોમાં રીવોલ્વીંગ ફંડમાં જમા કરાવવી નહિ. ઉપરાંત સામાન્ય સંજોગોમાં જે તે ફાર્મની સરેરાશ આવક જાળવી રાખીને રીવોલ્વીંગ ફંડમાંથી વધારાની આવકો ઉભી કરવા વિનંતી કરવામાં આવે છે.

૭. નોનપ્લાન યોજનાની આવક રીવોલ્વીંગ ફંડમાં જમા કરાવેલ હોય તો તે આવક રીવોલ્વીંગ ફંડની આવકમાંથી નોનપ્લાન યોજનામાં તબદીલ કરી જાણ કરવી. સંબંધિત રજીસ્ટરો જેવા કે લેબરશીટ, ઈન્ડબુક, ક્રોપીંગ સ્કીમની ચકાસણી કરતાં માલુમ પડશે કે નોનપ્લાન યોજનાની આવક રીવોલ્વીંગ ફંડમાં જમા કરાવવામાં આવી છે. તેવા કિસ્સાઓમાં જે તે અધિકારી સામે જરુરી નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૮. <u>રાજય સરકારમાં વધારાની ગ્રાન્ટ માગવામાં આવે છે, ત્યારે રાજય સરકારમાંથી ભારપૂર્વક જણાવવામાં આવે છે કે યુનિવર્સિટી પાસે જે જમીન અને પિયતનાં સાધનો છે તેનો ઘનિષ્ઠ ઉપયોગ કરીને યુનિવર્સિટીની આવક વધારે તેમ જણાવી વધારાની ગ્રાન્ટની માગણી મોટાભાગે નકારી કાઢે છે. આથી યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, પોતાના ફાર્મો ઉપરની તસુએ તસુ જમીન વાવેતર હેઠળ લાવીને પિયતની સગવડતાઓનો પૂરી ક્ષમતાથી ઉપયોગ કરીને</u>

...૩/-

**નોનપ્લાન યોજનાઓની આવકમાં નોંધપાત્ર વધારો કરવો કે જેથી વધેલ આવક સામે રાજય સરકારને ગૌરવપૂર્વક વધારાની ગ્રાન્ટ માટે રજુઆત થઈ શકે.**

સદરહું પરિપત્ર મા. કુલપતિશ્રીની સહમતિથી બહાર પાડવામાં આવેલ છે.

જી.સી.પટેલ
૨૦/૨/૯૭
( જી.સી.પટેલ )
હિસાબ નિયામક.

સામેલ :- ઉપર મુજબ..

નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારું :-

(૧) કેન્દ્ર નિયામકશ્રી, ગુકૃયુ, આણંદ / જુનાગઢ / નવસારી / સરદાર કૃષિનગર

(૨) સંશોધન નિયામકશ્રી, ગુકૃયુ, શાહીબાગ, ડફનાળા પાસે, અમદાવાદ.

(૩) સઘળા યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ. સ.કૃ.નગર/આણંદ/નવસારી/જુનાગઢ.
/-પોત પોતાના ઝોનમાં અસરકારક નિયંત્રણ સાથે ઘનિષ્ઠ પ્રયત્નો કરી નોનપ્લાન યોજનાઓની સરેરાશ આવક જળવાઈ રહે અને રીવોલ્વીંગ ફંડથી આવકમાં વધારો થાય તે જોવા ખાસ વિનંતી કરવામાં આવે છે.

(૪) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ગુકૃયુ, સરદાર કૃષિનગર.

(૫) યુનિવર્સિટીની સઘળી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.

(૬) સઘળા સહ સંશોધન નિયામકશ્રીઓ.

(૭) સઘળા સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીઓ.

નકલ રવાના જાણ તથા અમલ માટે :-

(૧) યુનિવર્સિટીના સઘળા હિસાબી અધિકારીશ્રી / વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી / ઓડીટ ઓફીસરશ્રીઓ.

(૨) યુનિવર્સિટીના સઘળા યુનિટ / સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ.

(૩) આ વિભાગની સઘળી શાખાઓ તરફ.

(૪) પરિપત્ર ફાઈલ.

૪-૩-૧૯૯૭

ઈન્વર્ડ નંબર-૧૭૩૩
તારીખ-૬/૩/૯૭

જા.નં. ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/રીવો.ફંડ/ ૫૪-૯૮
તારીખ :- ૨ .૧ .૧૯૯૮.

હિસાબ નિયામકશ્રીની કચેરી,
ગુજરાત કૃષિ યુનિવર્સિટી,
સરદાર કૃષિનગર-૩૮૫૫૦૬.
જિ.બનાસકાંઠા.

-:: <u>પરિપત્ર નં.૧ /૧૯૯૮</u> ::-

વિષય :- રીવોલ્વીંગ ફંડ..
અનું. :- પરિપત્ર નં.૬/૧૯૯૭, જા.નં.ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૦૭૯૨-૧૦૮૩૬, તારીખ:-૧૩.૫.૯૭.

રીવોલ્વીંગ ફંડના ખર્ચ અને આવકના હિસાબો ઉત્પાદન લક્ષ્યાંકો, તાંત્રિક કાર્યક્રમો તથા યુનિવર્સિટીની આવકમાં વધારો થાય તેના માટે ફાઉન્ડેશન ફંડમાંથી ફાળવેલ રીવોલ્વીંગ ફંડના વપરાશ (ખર્ચ) માટેની આચાર-સંહિતા સંદર્ભીત પરિપત્રથી નક્કી કરવામાં આવેલ હતી.

રીવોલ્વીંગ ફંડમાંથી થયેલ આવક/નફામાંથી ખર્ચ કરવા માટે આવતી જુદી જુદી દરખાસ્તોના સંદર્ભમાં સમાન નિતિ નક્કી કરવા, આવક વધારવામાં અવરોધક જોગવાઇઓ દૂર કરવા તથા વધુ આવક મેળવતા કેન્દ્રો/કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા સંબંધમાં વ્યાપક સહમતિ સાધી શકાય અને કોઇ વિવાદ ઉભો ન થાય તેટલા માટે યુનિવર્સિટીના પત્રાંક: ગુકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૯૭૯૨-૮૦૩, તા.૨.૯.૯૭ અને તા.૨૪.૧૦.૯૬ના સરખા પત્રાંક: ૨૫૬૨૦-૨૮થી અધિકારીશ્રીઓના સૂચનો મંગાવવામાં આવેલ હતા અને ત્યારબાદ ઉચ્ચ અધિકારીશ્રીઓની એક બેઠક તા.૧૦.૧૧.૯૭ના રોજ રાખવામાં આવેલ હતી.

કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળની આ બેઠકમાં રીવોલ્વીંગ ફંડમાંથી થયેલ આવક/નફામાંથી ખર્ચ કરવા માટે સમાન નિતિ નિર્ધારણ ઉપરાંત સંદર્ભીત પરિપત્રમાં કરવામાં આવેલ જોગવાઇઓનું પણ રીવ્યુ કરવામાં આવેલ. બેઠકમાં જે નિર્ણયો લેવામાં આવ્યા તેના આધારે સંદર્ભીત પરિપત્ર નં.૬/૧૯૯૭ની જોગવાઇઓમાં નીચે મુજબ ફેરફાર/સુધારા-વધારા કરવામાં આવે છે. સંદર્ભીત પરિપત્રની અમલમાં રહેતી જોગવાઇઓ તથા આ સુધારેલ જોગવાઇઓ લક્ષમાં લઇને રીવોલ્વીંગ ફંડ ધરાવતા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તથા સંબધિત અધિકારીશ્રીઓએ આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

।૧। પરિપત્ર નં.૬/૧૯૯૭ના ફકરા નં.૪:૩ની જોગવાઇ રદ કરવામાં આવે છે.
।૨। પરિપત્ર નં.૬/૧૯૯૭ના ફકરા નં.૪:૪ની જોગવાઇ રદ કરવામાં આવે છે.
।૩। પરિપત્ર નં.૬/૧૯૯૭ના ફકરા નં.૪:૯ની પ્રવર્તમાન જોગવાઇ રદ કરીને નીચે મુજબની જોગવાઇ કરવામાં આવે છે.

<u>૪:૯ :</u> રીવોલ્વીંગ ફંડમાં મળેલ આવકમાંથી નેટ નફાની રકમ ખર્ચ

ઇનવર્ડ નંબર ૫૯૦
તારીખ-
21 JAN 1998
હિસાબી અધિકારી

...૨/-

માટે વાપરવા માટે દર વર્ષે ઝોન કક્ષાએ રીવોલ્વીંગ ફંડના વાર્ષિક હિસાબો જે તે કેન્દ્રો સાથે ખર્ચ અને આવકનું મેળવણું કરીને તૈયાર થયા પછી કેન્દ્રવાર/બજેટસદરવાર નેટ નફાની રકમ પૈકી કેટલી રકમ ખર્ચ માટે જોઈએ છે તે વિગતો સાથે રુબરુ અથવા ટપાલ દ્વારા ઝોનના સહ સંશોધન નિયામકશ્રી દ્વારા દરખાસ્ત કરેથી ખર્ચ માટેની રકમ હિસાબ નિયામકશ્રી છૂટી કરશે. રકમ છૂટી કરવામાં કોઇ વિલંબ થશે નહિ. છૂટી કરેલ રકમમાંથી પ્રવર્તમાન સત્તા મર્યાદામાં અને ફકરા નં.૬:૩ થી ખર્ચના નક્કી કરેલ નોર્મ્સ ધ્યાને લઈને ખર્ચ કરવાનો રહેશે. વર્ષમાં એકજ વખત મંજુરી લેવાની રહેશે તેમ છતાં ખાસ સંજોગોમાં અને ધારણા કરતાં જે તે વર્ષમાં અથવા વર્ષ દરમ્યાન વધુ આવક થશે તેવા કીસ્સામાં દરખાસ્ત કરવામાં આવશે. તો તે વિચારણામાં લઈને ગુણવત્તાના ધોરણે મંજુરી આપવામાં આવશે.

હિસાબ નિયામકશ્રી ખર્ચ માટે કુલ રકમ જ છૂટી કરશે/ મંજુરી આપશે. જે રકમની ખર્ચ માટે મંજુરી મળેલ હોય તે રકમમાંથી નક્કી કરેલ નોર્મ્સ મુજબનાતથા ઉત્પાદનમાં વધારો થાય તેવોજ ખર્ચ પ્રવર્તમાન સત્તા-મર્યાદાઓ મુજબ જ થાય તેની તકેદારી કેન્દ્ર નિયામકશ્રીઓ/સહ સંશોધન નિયામકશ્રીઓએ રાખવાની રહેશે.

(૪) પરિપત્ર નં.૬/૧૯૯૭ની ફકરા નં.૬:૩ની જોગવાઈ રદ કરીને તેને બદલે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

૬:૩ રીવોલ્વીંગ ફંડમાંથી મળેલ નફાની રકમમાંથી ખેત ઉત્પાદન વધારવામાં મદદરુપ થાય તેવા નીચે જણાવેલ બાબતો માટે સત્તા મર્યાદાને ધ્યાને લઈને ખર્ચ કરી શકાશે.

(૧) થ્રેસીંગ યાર્ડ, (૨) માલ ગોડાઉન, (૩) બુલોકશેડ, (૪) ઈમ્પ્લીમેન્ટ શેડ, (૫) પમ્પ હાઉસ, (૬) કુવા ઉંડા કરાવવા / રીચાર્જ કરવા, (૭) પાકા ઢાળીયા બનાવવા, (૮) પાઈપ લાઈન નાખવી, (૯) ફાર્મના રસ્તા બનાવવા / સમારકામ કરાવવું, (૧૦) ફાર્મની દિવાલ કંમ્પાઉન્ડ વોલ, (૧૧) વાયર ફેન્સીંગ કરાવવું, (૧૨) કુવા/ટ્યુબવેલ બનાવવા, (૧૩) સબમર્સીબલ પમ્પ ખરીદવા, (૧૪) ટ્રેકટર ખરીદી/ટ્રેઈલર ખરીદી, (૧૫) ઝોનના પેટા કેન્દ્રોના મકાનોની મરામત માટે જે તે કેન્દ્રના કુલ નફાની રકમના ૨૫% જેટલી રકમની મર્યાદામાં વાપરવા પ્રાયોગિક ધોરણે નક્કી કર્યું, (૧૬) ઈલેકટ્રીક મોટર/ઓઈલ એન્જીન/પમ્પ ખરીદી માટે, (૧૭) ખેત તલાવડી, (૧૮) સાઈલો પીટ, (૧૯) ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ,

...3/-

(૨૦) ગ્રીન હાઉસ, (૨૧) ટ્યુબવેલના ઈલેક્ટ્રીક કનેક્શન માટે જી.ઈ.બી.ને ભરવો પડતો કનેક્શન ચાર્જ, (૨૨) બીનખેડાણ વિસ્તારને ખેડાણ હેઠળ લાવવા માટે જમીન સુધારણા/સમતલ કરવા, (૨૩) પિયત સુવિધા વધારવા/વધુ અનુકૂળ બનાવવા, (૨૪) જ્યાં ખારાં પાણી હોય તેવી જગ્યાએ સમ્પવેલ કરવા માટે, (૨૫) બેકરીની ચીજવસ્તુઓ બનાવવાના સાધનોની ખરીદી, (૨૬) ઉત્પાદનને સહાયરુપ થાય તેવું ઓફીસ ફર્નિચર, પરંતુ ઓફીસ ફર્નિચર ખરીદ કરવા પર બાન હોઈ સરકારશ્રીની મંજુરી મળ્યા પછીજ ખરીદ કરવાનું રહેશે.

(૫) પરિપત્ર નં.૬/૧૯૯૭ના ફકરા નં.૭:૨ની જોગવાઈ રદ કરીને નીચે મુજબ જોગવાઈ કરવામાં આવે છે.

૭:૨ નફાકારક ઉત્પાદનને વેગમાન રહે તેના પ્રોત્સાહન રુપે રીવોલ્વીંગ ફંડમાંથી ઉત્કૃષ્ટ નફાકારક કામગીરી માટે અધિકારી/કર્મચારીઓ વ્યક્તિગત અથવા સમૂહ અથવા કેન્દ્રને દર વર્ષે સર્વોત્તમ કામગીરી માટે પ્રસંશાપત્ર આપવાનું નક્કી થયું.

સહ સંશોધન નિયામકશ્રીઓએ જમીનનું ક્ષેત્રફળ, ફળદ્રુપતા, પિયતની સગવડતાઓ, નફાકારક ખેતી, વ્યક્તિગત અભિગમ, હેક્ટર દીઠ ભલામણ થયેલ હોય તેટલું અથવા તેથી વધુ ઉત્પાદન અને જે તે કેન્દ્રની સરેરાશ આવક કરતાં ઓછી આવક થાય નહિ તે રીતે વહેલામાં વહેલી મૂડી પરત કરે તેવા કેન્દ્રો/અધિકારી/કર્મચારીઓને વ્યક્તિગત અથવા સમૂહને પ્રસંશાપત્રો સમારોહપૂર્વક આપવા માટેના નામો સંશોધન નિયામકશ્રીને મોકલી આપવાના રહેશે અને સંશોધન નિયામકશ્રી આવા નામોની યાદી ફાઈનલ કરશે અને તે મુજબ પ્રસંશાપત્રો આપવામાં આવશે.

જે.સી.પટેલ
૨-૧-૯૮.
હિસાબ નિયામક.

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) કેન્દ્ર નિયામકશ્રી, ગુકૃયુ, આણંદ/જુનાગઢ/નવસારી/સરદાર કૃષિનગર.
(૨) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
(૩) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ગુકૃયુ, સરદાર કૃષિનગર.
(૪) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ-અધિકારીશ્રીઓ તરફ.
(૫) હિસાબી અધિકારીશ્રી, ગુકૃયુ, આણંદ/જુનાગઢ/નવસારી/સરદાર કૃષિનગર/સુરત.
(૬) ઓડીટ ઓફીસરશ્રી, ગુકૃયુ, આણંદ/જુનાગઢ/નવસારી/સ.કૃ.નગર.
(૭) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી (એન.એ.આર.પી.), ગુકૃયુ, આણંદ/જુનાગઢ/નવસારી/અમદાવાદ/સરદાર કૃષિનગર.
(૮) આ વિભાગની તમામ શાખાઓ તરફ..

ગુજરાત કૃષિ યુનિવર્સિટી,
નિયામકશ્રી, ખરીદ અને મિલકતની કચેરી,
સરદાર કૃષિનગર-૩૮૫ ૫૦૬,

વંચાણે લીધો :- ૧) આ કચેરીના જાહેરનામા ક્રમાંક:ગુકૃયુ/ડીપીપી/પીબી-૧/
૫૩૮૦-૮૮/૯૮, તા.૨૨/૪/૧૯૯૮.
૨) આ કચેરીનો જાહેરનામા ક્રમાંક નં.ગુકૃયુ/ડીપીપી/પીબી-૧/
૫૦૭-૧૪/૯૮, તા.૩/૫/૧૯૯૮.

-: જા હે ર ના મુ :-

આથી સંબધકર્તા સર્વેને જણાવવામાં આવે છે. કે, આ કચેરીના વંચાણે લીધેલ જાહેરનામાઓમાં સમાવિષ્ટ રીવોલ્વીંગ ફંડના નફામાંથી હાથ ધરવાના થતા વર્ગીકૃત પ્રકારના અનુક્રમે ૧ થી ૧૫ અને ૧ આમ કુલ ૧૬ કામો હાથ ધરવા ગુજરાત કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળે ઠરાવેલ હતું.

ફાર્મ'કચેરીઓ , કેન્દ્રો અને ઝોન કક્ષાની રજુઆતોને ધ્યાને લઇને રીવોલ્વીંગ ફંડના નફામાંથી હાથ ધરવાના થતા વર્ગીકૃત પ્રકારના કામો નક્કી કરવા નિમાયેલ કમિટિની ભલામણો ગુજરાત કૃષિ યુનિવર્સિટી ના નિયામક મંડળ સમક્ષ ફેર વિચારણા માટે રજુ કરતાં ગુજરાત કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળે, તેની તા.૮/૧૨/૨૦૦૦ ના રોજ આણંદ મુકામે મળેલ ૧૩૯ મી બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં. ૧૩૯:૨૦ થી ઠરાવેલ છે કે, '' રીવોલ્વીંગ ફંડના નફામાંથી નીચે મુજબના ૧ થી ૧૪ પૈકીના વર્ગીકૃત બાંધકામો કરવા તેમજ ૧ થી ૫ પ્રકારની મશીનરી ખરીદ કરવી ''

| | | | |
|---|---|---|---|
| ૧: | કૂવા ઉંડા ઉતારવા/રીચાર્જ કરવા | ૮: | ગોડાઉન/સ્ટોરરુમ |
| ૨: | વાયર ફેન્સીંગ | ૯: | ફાર્મની કમ્પાઉન્ડવોલ |
| ૩: | પાકા ઢાળીયા બનાવવા | ૧૦: | પાઇપ લાઇન |
| ૪: | પંપ હાઉસ | ૧૧: | થ્રેસીંગ યાર્ડ |
| ૫: | ઇમ્પ્લીમેન્ટ શેડ | ૧૨: | કૂવા/ટયુબવેલ બનાવવા |
| ૬: | બુલોકશેડ | ૧૩: | ખેત તલાવડી |
| ૭: | ફાર્મના રસ્તા બનાવવા તથા સમારકામ. | ૧૪: | સાઇલોપીટ. |

.. ૨ ..

<u>ફાર્મ મશીનરી</u> :-

૧: ફાર્મ ઇમ્પ્લીમેન્ટ, ઇકવીપમેન્ટ એન્ડ એસેસરીઝ.
૨: સીડ અને ફુડ પ્રોસેસીંગ ઇકવીપમેન્ટ/સયંત્ર.
૩: ~~બેંકો માટેના સાધનો~~. આવશ્યક યંત્રોમાં ભાગેલ વાસણો (હાથ ધરાતી ... / જણાવેલ સુવિધા)
૪: ઇલેકટ્રીક મોટર/ઓઇલ એન્જીન/સબ મર્શીબલ પંપ.
૫: વહીવટી-વ- હિસાબી અધિકારીશ્રીની કચેરી માટે હિસાબો વ્યવસ્થિત તૈયાર થઇ શકે તે માટે વ્યાજની જે આવક થયેલ હોય, તેમાંથી કોમ્પ્યુટર રુમ/એ.સી. મશીન વગેરેની ખરીદી.

વંચાણે લીધેલ જાહેરનામાઓની બાકીની વિગત યથાવત રહેશે.

જા.નં.ગુકૃયુ/ડીપીપી/પીબી-૨/૮૩૦૬-૪૫
તારીખ: ૧૮ :૧:૨૦૦૧

સહી/-
નિયામક,
ખરીદ અને મિલ્કત.

<u>નકલ સવિનય રવાના</u> :-

૧: નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ..
૨: યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ તરફ (દસ નકલ)
૩: કેન્દ્ર નિયામકશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, આણંદ/નવસારી/જુનાગઢ/સરદાર કૃષિનગર તરફ તેમના તાબા હેઠળની સર્વે કચેરીઓ માટે વધારાની ૭૦ નકલો સહીત.
૪: કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર તરફ.

<u>નકલ રવાના</u> :-

૧: કાર્યપાલક ઇજનેરશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ/આણંદ/નવસારી/સરદાર કૃષિનગર તરફ..
૨: આયોજન અધિકારીશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, શાહીબાગ, ડફનાળા પાસે, અમદાવાદ- તરફ.
૩: આ કચેરીના ઇ.૨ ટેબલ તરફ પાંચ નકલમાં.
૪: સીલેકટ ફાઇલ.

---

યુનિ. નં. ... / ...
તારીખ: ૨૨ - ૧ - ૨૦૦૧

નકલ રવાના:-
આ વિભાગની સઘળી શાખાઓ તરફ
... શાખા.

સહી/-
... શાખા.

ગુજરાત કૃષિ યુનિવર્સિટી,
નિયામકશ્રી,ખરીદ અને મિલ્કતની કચેરી,
સરદાર કૃષિનગર.

જા.નં.ગુકૃયુ/ડીપીપી/ઈ.૬/૨૬૧૪–૩૫ /૨૦૦૩, તારીખઃ–૨૭:૮:૨૦૦૩

**રીવોલ્વીંગ ફંડના નફામાંથી હાથ ધરવાના થતાં વર્ગીકૃત પ્રકારના કામો બાબત...**

:: જાહેરનામું ::

આથી સબંધકર્તાસર્વેને જણાવવામાં આવે છે કે ગુજરાત કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળની તાઃ ૩૧.૭.૨૦૦૩ ના રોજ અમદાવાદ ખાતે મળેલ ૭૩ મી વિશેષ બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં. ૭૩:૧૬ થી ઠરાવવામાં આવેલ છે કે, "તા.૧૧.૭.૨૦૦૩ના રોજ મળેલ નાણાં સમિતિની ૧૪૮મી બેઠકની કાર્યનોંધના મુદ્દાનં.૧૪૮:૧૮ની ભલામણ અન્વયે રીવોલ્વીંગ ફંડના નફામાંથી યુનિવર્સિટીના જાહેરનામા ક્રમાંક : ગુકૃયુ/ડીપીપી/પી.બી.૧/૮૩૦૬–૪૫, તા.૧૮.૧.૨૦૦૧માં જણાવેલ ૧ થી ૧૪ પૈકીના વર્ગીકૃત બાંધકામો તેમજ ક્રમ નં.૧ થી ૫ પ્રકારની ફાર્મ મશીનરી ખરીદી કરવા મંજુરી આપેલ છે. તેમાંથી ક્રમ નં.૩ (બેકરીના સાધનો) રદ કરવો અને ચારે ઝોન માટે આવશ્યક યોજનાઓ માટેના વાહનો ખરીદ કરવા ફાર્મ મશીનરીના ક્રમાંકઃ૬ તરીકે ઉમેરો કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રીવોલ્વીંગ ફંડના નફામાંથી જરુરીયાત અને ગુણવત્તાને ધ્યાને લઈખાસ કીસ્સામાં વાહન ખરીદવા ફંડ ફાળવવા તેમજ ખરીદીની મંજુરી આપવાની સત્તા કુલપતિશ્રીને એનાયત કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રીવોલ્વીંગ ફંડમાંથી જે કોઈ સાધનો ખરીદવામાં આવેલા હોય તે નિયમોનુસાર રદબાતલ કરવામાં આવે ત્યારે તેના વેચાણ દ્વારા જે ઉપજ આવે તે રીવોલ્વીંગ ફંડ ખાતે જમા લેવી.

વધુમાં કેમ્પસો ખાતેના વસાહતના ઘણા જૂના થઈ ગયેલા મકાનો રીપેર કરાવવા બાબતે ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, આવા જૂના મકાનો રીપેર કરાવવા માટે રીવોલ્વીંગ ફંડના નફાની ૫% રકમનો ઉપયોગ હિસાબ નિયામકશ્રીની મારફત કુલપતિશ્રીની પૂર્વમંજુરી મેળવી કરવો"

નિયામક,
ખરીદ અને મિલ્કત.

*નકલ સવિનય રવાના:–*

૧: નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ
૨: યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રી તરફ (૧૦ નકલમાં)
૩: કેન્દ્ર નિયામકશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી,જુનાગઢ,આણંદ,નવસારી, સરદાર કૃષિનગર ~~તરફ~~ તેમના તાબા હેઠળની સર્વે કચેરીઓ માટે વધારાની ૭૦ નકલો સહીત.
[illegible]

નકલ રવાના:–

૧: કાર્યપાલક ઈજનેર, ગુજરાત કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ,આણંદ,નવસારી, સરદાર કૃષિનગર
૨: આયોજન અધિકારીશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટી,શાહીબાગ,ડફનાળા પાસે, અમદાવાદ
૩: આ કચેરીના ઈ–૨ ટેબલ તરફ (પાંચ નકલમાં)
૪: સીલેકટ ફાઈલ